વિકલાંગ વ્યક્તિઓ માટે રાજ્ય સરકારની સેવાઓ / જગ્યાઓમાં અનામત રાખવા બાબત .

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૫/ધા.સ.-૧/ગ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨ / ૦૮ /૨૦૧૩.

વંચાણે લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તારીખ-૧૯/૨/૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક-જીએસ/૨૦૦૦/૪/ સીઆરઆર/૧૯૦૪/૧૬૫૪/ગ-૨.

(૨) સામાન્ય વહીવટ વિભાગનું તારીખ-૧૫/૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક- સીઆરઆર/૧૦૨૦૦૦ /જીઓઆઇ-૭/ગ-૨.

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તારીખ-૧૫/૧૨/૨૦૦૧નાં ઠરાવ ક્રમાંક- સીઆરઆર/૧૦૨૦૦૦ /જીઓઆઇ-૭/ગ-૨.ભાગ-૧

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તારીખ-૪/૫/૨૦૦૨ના ઠરાવ ક્રમાંક- સીઆરઆર/૧૦૨૦૦૦ /જીઓઆઇ-૭/ગ-૨.

(૫) સામાન્ય વહીવટ વિભાગનું તારીખ-૩/૮/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક- સીઆરઆર/૧૦૨૦૦૦ /૯૩૧૨૭/ગ-૨.

-:પરિપત્ર:-

સામાન્ય વહીવટ વિભાગના ઉપર્યુક્ત વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના તારીખ-૧૯/૨/૨૦૦૦ના જાહેરનામાથી વિકલાંગ વ્યકિત માટે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જ્યારે વંચાણ હેઠળના ક્રમાંક (૨) સામેના તારીખ-૧૫/૨/૨૦૦૧ના ઠરાવથી વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી) ધારો, ૧૯૯૫ અમલમાં આવતાં તેના અમલ અંગે ભારત સરકારની સુચનાઓ ધ્યાને લઇને રાજ્ય સરકારે વિગતવાર સુચનાઓ પ્રસિધ્ધ કરેલ છે. જ્યારે વંચાણ હેઠળના ક્રમાંક (૪) સામેના સામાન્ય વહીવટ વિભાગના તારીખ-૪/૫/૨૦૦૨ના ઠરાવથી જો વિકલાંગ ઉમેદવાર સીધી ભરતીમાં પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટેગરી (જેવી કે અનુ.જાતિ./ અનુ.જન જાતિ / સમાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/ સામાન્ય કેટેગરી ) એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં મુકવો તેવું ઠરાવવામાં આવેલ છે. જ્યારે વંચાણ હેઠળના ક્રમાંક (૫) સામેના તારીખ-૩/૮/૨૦૧૧ના ઠરાવ થી રાજ્ય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં સીધી ભરતીમાં વિકલાંગ માટે નિયત કરાયેલ અનામત જગ્યાઓ યોગ્ય રીતે ભરાય તેમજ તેનું વ્યવસ્થાપન પણ થઇ

શકે તે માટે ૧૦૦ ક્રમાંકનું રોસ્ટર રજીસ્ટર નિભાવવા તેમજ તે અંગે અનુસરવાની કાર્ય પધ્ધતિ તથા રોસ્ટર રજીસ્ટરનો નમુનો નિયત કરવામાં આવેલ છે.

આમ ઉપર દર્શાવ્યા મુજબ વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી) ધારો, ૧૯૯૫ ના અમલ માટે રાજ્ય સરકારે વખતો વખત નીતિ નક્કી કરી સુચનાઓ પ્રસિધ્ધ કરેલ છે. આમ છતાં આ સુચનાઓનો અમલ યોગ્ય રીતે ન થતો હોવાની બાબત સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. આથી ઉકત કાયદાની જોગવાઇ અનુસાર વિકલાંગ વ્યકિતઓ માટે સરકારે વખતો વખત પ્રસિધ્ધ કરેલ ઠરાવની જોગવાઇનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા માટે સચિવાલયના સર્વે વિભાગો તેમજ ખાતાના વડાઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
સંયુક્ત સચિવ(ક.ગ.-૧),
સમાન્ય વહીવટ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીનાસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વેમંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો (**તેમના તાબાના ખાતાના વડાઓ / કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.**)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ / અધિકારીઓ.
*પત્ર દ્વારા.